Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૬ મું
અંક ૮.
૧૫ મી મે

વીર સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬
ઈ. સ. ૧૯૬૦.

संसारमावन्न परस्स अट्ठा,
साहारणं जं च करेइ कम्मं ।
कम्मस्स ते तस्स उ वेयकाले,
न बन्धवा बन्धवयं उवेन्ति ॥

સંસારમાં રહેનારો મનુષ્ય સાધારણ રીતે તો પોતાના કુટુંબ-કબીલા વગેરે માટે નઠારામાં નઠારાં કર્મો કરે છે, પરંતુ જ્યારે તે કર્મોનાં દુષ્પરિણામો આવીને ખડાં થાય અને તેમને ભોગવવાનો સમય આવી પહોંચે છે, ત્યારે એ ભોગવવાને વખતે કોઇ બંધુ, પોતાની બંધુતાને દાખવતો નથી, અર્થાત્ એ ભોગવવામાં કોઈ સ્વજન પોતાનો ભાગ માગતો નથી-પ્રત્યક્ષ થતાં એ દુષ્પરિણામોને કોઇ સ્વજન પોતે જાતે થોડેઘણે અંશે પણ ઉપાડી લેવા તૈયાર નથી.

सुत्तेसु यावी पडिबुद्धजीवी,
न वीससे पंडिए आसुपन्ने ।
घोरा मुहुत्ता अबलं सरीरं,
भारुंडपक्खी व चरऽप्पमत्ते ॥

જે મનુષ્ય આશુપ્રજ્ઞ-પંડિત-વિવેકી છે તેને અપંડિત-અવિવેકી એટલે મોહનિદ્રામાં સૂતા રહેતા મનુષ્યો વચ્ચે પણ રહેવાનો પ્રસંગ આવે છે, તે વખતે પંડિત પુરુષે બરાબર સાવધાન રહેવું જોઇએ-તે અવિવેકીઓનો જરા પણ વિશ્વાસ ન કરવો જોઇએ. 'કાળ ભયંકર છે અને શરીર દુર્બળ છે' એમ સમજીને તેવે પ્રસંગે પંડિત પુરુષે ભારુંડ પક્ષીની પેઠે બરાબર સાવધાન રહીને વર્તવું જોઇએ.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

## અનુક્રમણિકા


૧ તત્ત્વજ્ઞાન યોગ્ય ભૂમિકા .... .... (શ્રી સવાઈલાલ [illegible]) ૮૧

૨ આપણી પાંચ કલ્યાણકર ભૂમિકો .... (શ્રી મોહનલાલ દી. ચોકસી) ૮૨

૩ સેવાની શુદ્ધિ ..... .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૮૫

૪ નમસ્કારમહામંત્ર-મૌક્તિકમાળા (૫) (પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય) ૮૮

૫ કોન્ફરન્સનું એકવીસમું અધિવેશન .... .... .... ૯૦

૬ પુસ્તકોની પહોંચ .... .... .... .... .... ૯૫

૭ પ્રકીર્ણ .... .... .... .... .... ટા. પે. ૩


### નવા સભાસદ

૧ શાહ હીરાલાલ બાવચંદ ભાવનગર લાઈફ મેમ્બર

### પૂજા ભણાવવામાં આવી

આપણી સભાના પરમ ઉપકારી પૂજ્ય શાન્તમૂર્તિ મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજશ્રીની સ્વર્ગવાસ તિથિ નિમિત્તે વૈશાખ શુદ ૮ ને બુધવારના રોજ સવારના નવ કલાકે સામાયિકશાળામાં તેઓશ્રીની મૂર્તિ સમીપે શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવી હતી, જે સમયે પૂજ્ય સાધુ-સાધ્વીગણ ઉપરાંત સભાસદ બંધુઓની અને સદ્ગૃહસ્થોની સારી હાજરી હતી.


નવપદારાધન માટે અતિ ઉપયોગી — **સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)**

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત મુદ્દાસર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૬ મું
અંક ૮ | જેઠ | વીર સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬

## તત્ત્વજ્ઞાન યોગ્ય ભૂમિકા

(રાગ–રટવા રટવા આવ્યો છે તું તો રામને રે)

મારાં મિથ્યા પડળ વીર કાપજો રે,
વીર કાપજો રે....દરિસન આપજો....રે. મારાં....ટેક

સાત પ્રકૃતિ સાવ છેદીને, અપૂર્વકરણે ગ્રંથી ભેદીને;
સમ્યગ્દૃષ્ટિ સ્થાને સ્થાનક, આપજો....રે. મારાં મિથ્યા....૧

જીવ, અજીવ, પુન્ય, પાપાશ્રવની, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની;
પૂર્ણ પ્રતીતિ ને સમજુતિ આપજો....રે. મારાં મિથ્યા....૨

શુક્લપક્ષ મમ આત્મા સ્થાપો, ભૂષણ ભૂષિત સમકિત આપો.
યથાર્થ શ્રદ્ધા અણુ અણુમાં, વ્યાપજો....રે. મારાં મિથ્યા....૨

શંકા આકાંક્ષાદિ શઠને, ખરાબ સોબતીની ખટપટને;
તર્ક તુરંગ ચડેલાં તેને, પાડજો....રે. મારાં મિથ્યા....૪

સર્વજ્ઞ દેવ, નિર્ગ્રંથ ગુરુની, સર્વે આજ્ઞા અનુસરવાની;
ડગલે પગલે યાદી એની, આપજો....રે. મારાં મિથ્યા....૫

ક્ષય ઉપશમ કે ક્ષયોપશમને, પામર છું પ્રભુ પારખવાને;
અપૂર્વ શ્રદ્ધા ચડતી નિશ્ચળ, રાખજો....રે. મારાં મિથ્યા....૬

કાળ અનાદિ મિથ્યાજ્ઞાને, ગુમાવ્યો નિરર્થક માને;
સફળ જન્મ સવાઈ શરણે, સ્થાપજો....રે. મારાં મિથ્યા....૭

—શાહ સવાઈલાલ જાદવજી–પછેગામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપણી પાંચ કલ્યાણક ભૂમિઓ

લેખક : **શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી**

આજે પણ કલ્યાણક ભૂમિઓના નામો જે રીતે સાહિત્ય ગ્રન્થોમાં નોંધાયા છે એ રીતે જનતામાં પ્રચલિત છે, પણ એમાં **વારાણસીને** બાદ કરીએ તો બાકીની ચારમાં નથી તો પૂર્વકાલીન વૈભવ કે નથી તો ખાસ જાહોજલાલી! રત્નપુરી, ચંદ્રપુરી અને સિંહપુરી નામ ભલે નગરીસૂચક છે છતાં ત્યાં છૂટાછવાયા ઘરો સિવાય કંઈ જ નથી. જૈન-ધર્મી ઘર તો નથી જ પણ જાગૃતભાવની પ્રાપ્તિ થાય તેવી દુકાનો પણ નથી. આમ છતાં, અને વર્ષોના વહાણા વાયા છતાં,–એની પાછળનું આકર્ષણ **જૈન** સમાજમાં જીવંત રહેલ છે. એમાં જેમ ઇતિહાસની સાંકળ કારણરૂપ છે તેમ પૂર્વજોની દીર્ઘદ્રષ્ટિ પણ પ્રશંસનીય છે.

મહાયાત્રા લેખના અનુસંધાનમાં મીરતથી વારાણસી યાને બનારસ સુધીમા પાંચ કલ્યાણક **ભૂમિઓની** વાત કહેવાની છે, પણ એ પહેલાં માર્ગે આવતાં બે નામીચા શહેર સંબંધમાં વિહંગાવલોકન કરવું અસ્થાને નથી જ. એક કાનપુર ને બીજું લખનૌ. સન ૧૮૫૭ના બળવાથી બન્ને જગજાહેર થયેલ. આજે પણ શાલો તેમજ ગરમ કાપડના ઉદ્યોગથી કાનપુર પ્રખ્યાત છે, તો કારીગરીવાળી સાડીઓ, માટીના રમકડા, સુગંધીદાર તેલ આદિની બનાવટથી લખનૌ પણ મશહૂર છે જ. વધારામાં ત્યાં મુગલકાલીન જૂના મકાનો–વિવિધ ચીજોવાળું સંગ્રહસ્થાન અને નાના-મોટા ઇમામવાડા તેમજ ભુલભુલૈયા જેવા જોવાલાયક સ્થાનો પણ છે જ. ઉભય શહેરોમાં **જૈનોની** વસ્તી પણ છે અને કાનપુરમાં શીશાના મંદિર તરીકે ઓળખાતું **શ્રી ધર્મનાથપ્રભુનું** બિલોરી કાચનું દેવાલય ખાસ દર્શનીય છે. એમ **પૂર્વકાળે** **જૈનોની** વસ્તી સુપ્રમાણમાં હોઇ, એ સર્વ સમૃદ્ધિવંત હશે એનો ખ્યાલ આપતા લગભગ બારેક દેરાસરો લખનૌ શહેરમાં અને એ પરામાં પણ છે. સમયના વહેણમાં જાહોજલાલીમાં ઓટ આવ્યો હોય છતાં આજે પણ જે જોવાય છે એ દુઃખકર્તા તો નથી જ. ભાંગ્યું તોયે ભરુચ.

સામાન્ય રીતે ખાસ ટ્રેન લઈ જનાર સેવાભાવી બંધુઓ હમણાં જેમ ૪૫ કે ૪૮ દિવસનો કાર્યક્રમ ગોઠવે છે એને બદલે બે માસનો રાખે તો નગરીઓ યાને કલ્યાણક ભૂમિઓમાં શાન્તિથી સર્વ કરણી થઈ શકે. આમ કરવા જતાં થોડોઘણો ખર્ચ પણ વધે અને એટલા દિવસ ધંધો મૂકવો પડે; પણ આ પ્રદેશમાં વારંવાર આવી શકાતું નથી એ મૂળ મુદ્દો ધ્યાનમાં લેવાય અને સાથેસાથે એ પણ વિચારાય કે જે સ્થાનો કુદરતના ખોળે આવ્યા છે ને જેની આસપાસ સંસારજન્ય દોડાદોડ કે આધિ–વ્યાધિના ઉત્પાત નથી, તેનું વાતાવરણ ભાવપૂજા ટાણે એવું તો લાભદાયી થઈ પડે કે શાસ્ત્રમાં જે અમૃતયોગની વાત કહી છે એની ઝાંખી થવાનો યોગ સાંપડે.

(૧) **રત્નપુરીને** આજે નવસઈ કે નવરાઈ ગામરૂપે ઓળખવામાં આવે છે. સ્ટેશનનું નામ સોહાવલ છે. ત્યાંથી રત્નપુરી દોઢ માઇલ દૂર આવેલ છે. રસ્તો સારો છે. ખાસ ટ્રેનો ઘણીખરી ફૈઝાબાદ જંકશન જે વચમાં આવેલ છે ત્યાં રોકાય છે અને ત્યાંથી બસદ્વારા રત્નપુરી તેમજ અયોધ્યાજીમાં યાત્રા કરાવી જંકશને પાછી લાવી મૂકે છે. અમારી ટ્રેન અયોધ્યાજી સ્ટેશને જ રોકેલી હોવાથી ને સમુદાય વિશેષ હોવાથી, એ પ્રકારની ગોઠવણ કરાયેલી. અયોધ્યા સ્ટેશનથી કટરા મહોલ્લામાં આવેલ આપણું દેવાલય માઇલેક દૂર ગણાય. બસની એવી ગોઠવણ કરાયેલી કે જેઓને જલ્દી પૂજા કરવી હોય તેઓ પ્રથમ કટરા મહોલ્લે પહોંચી જાય અને પૂજન કરી પાછા આવે. દરમીઆન બીજી બસમાં બેસી સીધા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રત્નપુરી પહોંચે ત્યાં દર્શન કરી પૂજા કરે અને સીધા કરા મહોલ્લે આવી ઉતરી જાય. ત્યાં નિરાંતથી પૂજનકાર્ય પતાવે. પ્રથમ ધર્મશાળા આવે છે અને એની વચલી બારીમાંથી દેવાલયના ફરતા કોટવાળા ચોગાનમાં ત્રણ ગઢ સૂચક સમવસરણમાં દેવકુલિકા છે. એમાં મૂળનાયકસ્થાને પાર્શ્વજિન છે. સામે રમ્ય વેદિકા પર **ધર્મનાથ** પ્રભુની શ્યામવર્ણી પાદુકા છે. આ નગરીમાં શ્રી ધર્મનાથજિનના પ્રથમના ચાર કલ્યાણક થયેલ છે. આ ઉપરાંત દક્ષિણ દ્વાર સામે આરસની સુંદર કોરણીવાળું દેવાલય છે. શ્રી ધર્મચંદ્ર ઉપરાંત સાતેક નાના બિંબો છે. સંપ્રતિ રાજકારિત કહેવાય છે. કોટમાં ચોખૂણે પાદુકાઓની દહેરીઓ છે. સ્થાન રમ્ય ને વિશાળ છે. નિરાંત હોય તો સ્તવના કરતાં આત્મા ભાવશ્રેણિ ઉપર જરૂર ઉડ્ડયન કરવા માંડે. અધ્યાત્મ-યોગીશ્વર શ્રીમદ્ આનંદઘનજી મહારાજનું સ્તવન ગુંજી રહે—

ધરમ જિનેશ્વર ગાઉં રંગશું.
ભંગ મ પડશો હો પ્રીત જિણેસર;
બીજો મન-મંદિર આણું નહીં.
એ હમ કુલવટ રીત જિણેસર.

× × ×

ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે.
ધર્મ ના જાણે હો મર્મ જિણેસર;
ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી.
કોઇ ન બાંધે હો કર્મ જિણેસર.

(૨) **અયોધ્યાજી**—અહીં પણ જે નવીન પ્રાસાદ બંધાયો છે તે અતિ રમણિય છે. વચમાં સમવસરણ ફરતો શ્વેત આરસનો કોટ અને એમાં અહીં જેમના કલ્યાણકો થયેલાં છે એ તીર્થંકરોને લગતા કેટલાક જીવનપ્રસંગોનું આલેખન. જો કે આસપાસ આછી પાતળી વસતી છે; આમ છતાં ધર્મશાળાના એક ભાગ ઉપર આવેલ આ પ્રાસાદ પણ યાત્રિકોમાં યુગલીકકાળની સ્મૃતિ તાજી કરાવે છે. જૈન સમાજની એ કમનસિબી છે કે આવા ઐતિહાસિક સ્થાનોની સારસંભાળ માટે શીખ પ્રજાની માફક એકાદ કેંદ્રસ્થ સંસ્થા નથી! અયોધ્યા જીર્ણોદ્ધાર કમિટિએ લગભગ મહદ્ અંશે દેવાલયનું કાર્ય પૂર્ણ કરેલ છે પણ હજુ પ્રતિષ્ઠાના ઠેકાણા નથી! ભગવંતની મૂર્તિઓ-પાદુકાઓ વગેરે પાછળના જૂના-નાનકડા મંદિરમાં રખાયેલ છે, અહીં ભાવપૂજા માટે જરૂરી વિશાળતા નથી. આમ છતાં આ પવિત્ર ભૂમિનું મહત્વ સવિશેષ હોવાથી દિવસનો મોટો ભાગ અમોએ અહીં જ પસાર કર્યો છે.

અહીં પ્રથમ તીર્થપતિ શ્રી **ઋષભદેવના** પ્રથમના ત્રણ કલ્યાણક, બીજા શ્રી **અજિતનાથ**ના, ચોથા શ્રી **અભિનંદનસ્વામી**ના અને પાંચમા શ્રી **સુમતિનાથ** તેમજ ચૌદમા શ્રી **અનંતનાથ**–એ ચારના પ્રથમનાં ચાર કલ્યાણકો થયેલાં છે. આમ, આ ભૂમિને ૧૯ કલ્યાણકો પોતાને આંગણે થવારૂપ માન મળેલ છે. જૂના મંદિરમાં મૂળનાયક શ્રી **અજિતનાથ** પ્રભુ છે. હેઠળ ભોંયરું પણ છે. આપણી આ પવિત્ર ભૂમિમાં જૈનનું એક પણ ઘર નથી અને આનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી હાથમાં નહીં લે તો, જે સ્થિતિ અત્યારે વર્તે છે અને અયોધ્યા કમિટિમાં કાર્યની જે શિથિલતા દષ્ટિગોચર થાય છે, એ ભાવિ સ્થિતિને જરૂર જોખમાવશે. હિંદુઓના નાનામોટા સેંકડો મંદિરો છે. વળી સરિતાતટ પર પણ મંદિરોની હારમાળા છે. 'હનુમાન-ગાદી' 'સીતાજીની રસોઈ' આદિ દર્શનીય સ્થળ ગણાય છે અને પર્વ અંગે મેળા ભરાતા હોઈ, યાત્રિકોની અવરજવર એ ટાણે રહે છે, એ માટે સરાઇઓ પણ છે તેમજ પંડ્યાની વસતી પણ ખરી જ. એ વેળા ઉપયોગમાં આવે તેવી ખાવા વગેરેની દુકાનો સિવાય ખાસ બજાર નથી કેમકે અહીં ઉદ્યોગનું કોઈ કેન્દ્ર નથી. મકાનો ઘણાખરા બંધ જણાય છે. હિંદુતીર્થરૂપનું મહત્ત્વ છે જ. વચમાં આવેલ ફૈજાબાદ એ જેમ જંકશન છે; તેમ વેપારનું મથક પણ છે. શ્રી **શાંતિનાથ**નું એક દહેરું છે. મકાનોના ખંડિયેરો તેમજ જર્જરિત દશામાં આવી રહેલા મકબરા ને મિનાર જોતાં મુસ્લીમ

For Private And Personal Use Only

કાળ યાદ આવે છે. અહીંથી રવાના થઈને બનારસ સવારે પહોંચ્યા.

(૩) **વારાણસી**–આ નગરીનું સદ્‌ભાગ્ય છે કે જેમ એની મહત્તા પ્રાચીનકાળમાં હતી તેમ આજે પણ છે અને એમાં બૌદ્ધ વિહાર સારનાથને રાજકીય નજરે જે મહત્વ અપાયું એથી વૃદ્ધિંગત થઈ છે. વસતીમાં ઠીક ઠીક વધારો થતો રહ્યો છે. બનારસ તરીકે ખ્યાતિ પામેલ આ શહેરમાં હૈરી બજાર-માંથી આગળ વધી રામઘાટ ઉપર આવેલ શ્રી ચિંતામણી પાર્શ્વનાથના મોટા મંદિર સુધીમાં લગભગ દશ દેવાલયો છે. જૈનોની વસતી પણ છે. દેખરેખ માટે સંઘની કમિટિ છે પણ એ સર્વનો વહીવટ તેના હાથમાં **નથી**. શહેરના ચોક બજારથી માઈલ દૂર આવેલ ભેલુપુર નામના પરામાં વિશાળ ધર્મશાળા-ની વચમાં પુરુષાદાની શ્રી **પાર્શ્વનાથ** પ્રભુના પ્રથમ-ના ચાર કલ્યાણકસૂચિત મંદિર છે. આરસની મનોહર છત્રી હેઠળ શ્રી **પાર્શ્વનાથ** વિરાજમાન છે. અહીંથી અર્ધા માઈલ ઉપર ગંગા નદીના કિનારે આવેલ વચ્છરાજઘાટ ઉપર વિશાળ ચોગાનના એક ભાગ ઉપર સાતમા શ્રી **સુપાર્શ્વનાથ**ના પ્રથમના ચાર કલ્યાણકસૂચિત દેવાલય છે. આ પરું ભદૈની તરીકે ઓળખાય છે. આ ઘાટથી હોડીમાં સફર કરી, ગંગા નદીના કાંઠે આવેલ જુદા જુદા ઘાટ જોતાં અગાઉ કહી ગયા તે રામઘાટ આગળ ઉતરાય છે. હોડીમાં માનવ દીઠ બે આના વધુ ન ગણાય. વળી ગંગાના પાણી સ્થિર હોય છે એટલે નૌકાવિહારમાં જોખમ જેવું નથી. અહીંની રેશમી તેમજ જરીની સાડીઓ તથા તાંબા–પીત્તળના વાસણો વખણાતા હોવાથી એનો બજાર મોટો છે. સંધ્યાકાળ થતાં વિજળીના દીપકોના ચમકારમાં હજારો માનવોના અહીં ગમનાગમન થઇ રહ્યાં હોય છે. વેપારની રંગત એ સમયે જામે છે. આ પ્રદેશમાં અંતરાળે મીઠાઇ આદિની દુકાનો કે ફરસાણ આદિના સ્થાનો તો ખરા જ. ક્ષુધા શમન કરવાના આ સ્થળોમાં સામાન્ય ગીરદી હોય જ. રીક્ષા ને ટાંગા પણ વિપુલ સંખ્યામાં ચોક બજાર આગળ ખડા હોય જ. શહેરના જાણીતા બજારથી થોડે દૂર અનેક ધર્મ-શાળાઓ પણ છે. બાકી સાંકડા રસ્તા અને ભૂદેવ તેમજ ગાયોનો મેળાપ તો સહજ થાય; કેમકે અહીં કાશી વિશ્વનાથનું જાણીતું મંદિર આવેલ છે. અહીંથી જ નીચે જણાવેલ બે નગરીઓમાં જવાનું બસનું સાધન અનુકૂળ ગણાય. ઉભય દેવાલયો એવી રીતે કુદરતના આંગણે નિવૃત્તિમય વાતાવરણમાં આવેલા છે કે રહેતે એકાદ દિન રહેવાનું મન થાય. ધર્મશાળા હોવા છતાં આજના યાત્રિકને અવકાશ ક્યાં છે?

(૪) **ચંદ્રપુરી**–બનારસથી ચૌદ માઈલ દૂર આવેલ નગરી એક કાળે ખાસ મહત્વ ધરાવતી હશે જ. સડક માર્ગથી થોડા વળાંક લઈ આગળ વધતા ગ્રામવસ્તીના થોડા ઝૂંપડા, એક બાજુ નિશાળ અને એની બાજુમાં આપણી ધર્મશાળા આવેલ છે. વપરાશ ને મરામતના અભાવે એના દિદાર પણ ઝાંખા પડ્યા છે. ત્યાંથી થોડો માર્ગ કાપતા એક ઊંચો ટેકરો ને નજીકમાં ઢાળ ઉતરી ગંગા નદી તરફ જવાનો માર્ગ આવે છે. કમ્પાઉન્ડ-ના એક ભાગ ઉપર શ્રી **ચંદ્રપ્રભુ**ના પ્રથમના ચાર કલ્યાણકસૂચિત દેવાલય છે. પ્રભુબિંબ ને પાદુકા છે. આગળના વિશાળ ચોગાનનો અમુક ભાગ નદી-ના પૂરમાં ધસી પડ્યો છે. પાછળના ભાગે સ્થળની પ્રાચીનતાસૂચક સરકારી બોર્ડ છે. દેખરેખ બનારસ સંઘ કમિટિની છે.

(૫) **સિંહપુરી**–બનારસથી ચાર માઈલ દૂર અને ચંદ્રપુરીથી પાછા ફરી દસ માઈલ સડક વટાવ્યા બાદ જમણા હાથે થોડો કાચો રસ્તો કાપ્યા પછી આ મનોરમ સ્થાનનો દરવાજો આવે છે. વિશાળ જગ્યા છે. કૂવો તેમજ વૃક્ષો વટાવી બીજા દ્વારમાં આવતાં જ ઉતરવાની જગ્યાઓ નજરે પડે છે. વળી વચમાં બાગ છે. દાદાજીની દેરી સામે ત્રીજો દરવાજો એ ફરતા કોટનો છે. એમાં વચલા ભાગે સમવસરણમાં શ્રી **શ્રેયાંસનાથ** પ્રભુના પ્રથમના ચાર કલ્યાણકસૂચિત પાદુકા છે. ફરતી દેરીઓમાં પણ પાદુકાઓ અને પાછળ મંદિરમાં મનોહર મૂર્તિ છે. અહીં સ્વયંસેવકોએ પ્રબંધ કરેલ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વેપારી બુદ્ધિ

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

વ્યાપાર એટલે આદાનપ્રદાન કે આપલે, કરવાની રીત. આપણને કોઈ વસ્તુની જરૂર હોય અને એ બીજા પાસે હોય, ત્યારે જે વસ્તુની એને જરૂર હોય તે વસ્તુ આપણી પાસે હોય તો આપણે ખુશીથી બદલો કરી શકીએ, પણ આમ કરતાં કરતાં અનેક જાતની અગવડો ઊભી થાય તે માટે નાણું એ મધ્યસ્થ વસ્તુનો ઉપયોગ થવા માંડ્યો.

ધર્મ જેવી વસ્તુની કીમત આંકવી એ તદ્દન અશક્ય વસ્તુ છે કારણ એ કરિયાણું કે કાપડ, સોનું કે ચાંદી વિગેરે જેવી દ્રવ્ય વસ્તુ નથી. તેમજ ધર્મનો સંબંધ અંતરંગ એવા મન સાથે નિગડિત થએલો છે, તેથી ઘણી વખત ધર્મને ઓળખવો મુશ્કેલ અને અશક્ય બની જાય છે. એકાદ માણસ સાધુવેશ ધરાવે, મોટો પંડિત હોય, સરસ વક્તવ્ય કરે, લખાણ સારું કરી શકે છતાં એનું અંતરંગ અત્યંત મલિન વિચારો ધારણ કરનારું હોય, નૈતિક દૃષ્ટિએ અત્યંત નીચે ઉતરી ગએલો હોય, કામુક અને લોભી બનેલો પણ હોઈ શકે ત્યારે બીજો કોઈ સામાન્ય અલ્પજ્ઞ હોય છતાં અંતરંગમાં વિનીત, સજ્જન અને સાધુહૃદય ધરાવતો હોય. એવી અવસ્થામાં ધર્મને ઓળખવો મુશ્કેલ થઈ પડે અને એનું મૂલ્ય આંકવું અશક્ય બની જાય છે, તેથી જ ધર્મ જેવી વસ્તુનું મૂલ્ય નક્કી કરી શકાતું નથી.

જ્યારે ધર્મ જેવી વસ્તુ વ્યાપારીના હાથમાં આવી પડે છે ત્યારે એ પોતાની વ્યાપારી બુદ્ધિથી જ તેની કીમત આંકવાનો પ્રયત્ન કરે છે. એની અંતરંગ કલ્પના પણ એ સ્વભાવને અનુસરીને જ ઘડાએલી હોય છે. આપણામાં સાધુતાએ પ્રવેશ કર્યો છે કે કેમ? આપણે દયા, ક્ષમા, શાંતિ એ ગુણોમાં વધારો કર્યો છે કે નહીં? અહિંસા, સંયમ,

---

હોવાથી સૌ કોઈને પૂજનનો લાભ શાંતિથી મળ્યો અને સ્નાત્ર મહોત્સવમાં પણ આનંદ અનુભવ્યો. બનારસથી રેલ રસ્તે પણ અવાય છે. સ્ટેશન સારનાથે ઉતરવાનું. આપણા આ ધામની સામે જ, બહુ દૂર ન ગણાય, ત્યાં બુદ્ધ સોસાયટીએ જે રમણિય દેવાલયો ઊભા કર્યા છે અને એમાં એના ઉપાસક વર્ગે તેમજ રાજ્યે જે સહકાર આપ્યો છે એની તુલના કરતાં હરકોઈને લાગ્યા વગર ન રહે કે ઉભયમાં આસમાન જમીનનું અંતર છે. ક્યાં એમનું સંગઠન અને ક્યાં આપણી ચોકાબંધી! ક્યાં એમની દીર્ઘદર્શિતા અને ક્યાં આપણી શિથિલતા! ક્યાં એમની ધર્મપ્રચારની ધગશ અને ક્યાં આપણું ઉપરછલ્લું આડંબરભર્યું વર્તન! ક્યાં એ સ્થળની શાન્તિ અને ક્યાં આપણું દોડધામ ને ગણગણાટભર્યું ધમસાણ! જિજ્ઞાસુને એ ધર્મની તથા એના પ્રણેતાની માહિતી પૂરી પાડે તેવા વિવિધ ભાષામાં પ્રસિદ્ધ કરાયેલા પુસ્તકો મંદિરના પ્રવેશદ્વારે જોવા મળે ત્યારે આપણે ત્યાં જિજ્ઞાસુ માટે તો શૂન્ય જેવું! ખૂદ જૈનો પણ પોતે જેના ઉપાસક છે તે સબંધી પૂરું જાણે નહીં! કેવલ પેઢી કે કોઠી રસીદ ફાડવાનું જાણે અને ઉપાસક પ્રક્ષાળ કે કેશરપૂજા કરવામાં ઇતિકર્તવ્યતા સમજે. એમાં પણ બીજી બોલીએ અને પહેલી પૂજાએ તો વિચિત્ર કોયડાઓ સરજ્યા છે! કેમ જાણે ધનિક એ મોટો ઇજારદાર! આમ સર્વ મળી ૩૯ કલ્યાણકો ધરાવતા પાંચ સ્થળોમાં ધનતેરશ પસાર કરી બનારસમાં સારનાથ, હિંદુ યુનિવરસીટી, એમાં આવેલ નયા વિશ્વનાથનું બિરલા ભવન, હિંદમાતા મંદિર વિ. કેટલુંયે છે. એ માટે જિજ્ઞાસુ વર્ગે ચાલુ વર્ષના સ્વયંસેવક અંક વાંચવા કે **કલ્યાણક ભૂમિઓમાં પ્રવાસ** નામની પુસ્તિકા અવલોકવી.

(ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્યકથન કે ધન જેવા તુચ્છ પદાર્થોનો અનીતિના માર્ગે સંગ્રહ કરવાની બુદ્ધિ કાંઇક ઓછી થઇ કે કેમ? કીર્તિ, મોટાઇ, લોભ આપણે ઓછો કરી શક્યા કે કેમ? આવી વસ્તુનું વ્યાપારીને ધ્યાન પણ હોતું નથી.

વ્યાપારીની ગણત્રી તો મેળવણી કે બાદબાકીથી સંકલિત થએલી હોય છે. એ તો ધર્મને પણ કરિયાણું કલ્પી એનો સોદો કરવા પ્રેરાય છે. આટલી સામાયિકો કરી, આટલી પૂજા ભણાવી, આટલું દાન કર્યું, આટલા વરઘોડા કાઢ્યા, આટલા જમણો કર્યાં એનો હિસાબ ગણી કાઢે છે અને પોતે 'આટલો ધર્મ કર્યો' એમ અહંકાર ધારણ કરી તેની જાહેરાત પણ કરે છે અને લોકો તરફથી માનની અપેક્ષા રાખે છે. એને મન તો આટલું કાર્ય તો ધર્મનું થયું, એનું પુણ્ય ભેગું થયું, તેનો બદલો સંપત્તિના રૂપમાં મળવો જોઇએ. આત્મા જેવી કોઇ વસ્તુ છે અને એનો સંબંધ આવા ધર્મ સાથે કેટલો હોઈ શકે એનો વિચાર સરખો પણ આવા વેપારીને હોતો નથી. એના મનથી તો ધર્મ એ બજારમાં ખરીદી શકાય એવી કોઈ વસ્તુ છે! એક વેપારીને એવી ટેવ હતી કે સવારમાં એ નિકળે અને આસપાસના દરેક દેવળમાં ફરી એક ચક્કર મારી આવે. હનુમાન, શનિ, માતાજી કે મહાદેવ એવા દરેક દેવને હાથ જોડી પાઈ-પૈસો આપી આવે. જાય નહીં ફક્ત જિનેશ્વર ભગવંતના મંદિરમાં. એણે સાંભળેલું હતું કે વીતરાગ દેવ તો કોઇ ઉપર પ્રસન્ન થતા નથી તેમ ક્રોધ પણ કરતા નથી. એ વેપારીની એવી ધારણા હતી કે બીજા દેવોને કાંઇ ને કાંઈ આપતા રહીએ તો એ દેવો આપણી ઉપર તુષ્ટ થાય અને કાંઇ ને કાંઇ આપણને આપી જ જાય. છેવટ આપણે ગમે તે રીતે મેળવેલું ધન સાચવવામાં આપણને મદદ તો કરે જ! એના મનથી જેમ કોર્ટ કચેરીમાં સીપાઈ કે કારકુનને થોડું ચટાડવામાં આવે તો એ આપણું અવળું કામ પણ સીધું કરી આપે, તેમ એ બધા દેવો પણ લાંચ ખાઇ આપણી સેવા બજાવવાના! એટલે એમાં વ્યાપારી બુદ્ધિનો જ એ ઉપયોગ કર્યે જાય છે.

સાધુવર્ગ પણ આવા વ્યાપારી વર્ગમાંથી જ ઉદ્‌ભવે છે. તેથી તેમનો વૈશ્યવૃત્તિનો સ્થાયીભાવ સર્વથા નષ્ટ થઇ જતો નથી. ધર્મના કાર્યોમાં પણ એ વેપારી દૃષ્ટિ અવશ્ય તરી આવેલી આપણા જોવામાં આવે છે. વેશપલટો થવાથી કાંઈ હૃદયપલટો થઈ જતો નથી. આ અમારા વિધાનમાં તરતમભાવ અવશ્ય રહેલો જ છે, એટલું જ નહીં પણ સર્વથા આત્માભિમુખ કેટલાએક સંતમહાત્માઓ એમાં તરી આવે છે, એમાં શંકા નથી; અમે તો મોટા ભાગે જે પરિસ્થિતિ પ્રવર્તે છે તેને ઉદ્દેશીને જ આવું વિધાન કરેલું છે.

આટલી પ્રતિષ્ઠાઓ મેં કરાવી, આટલા ઉજમણાઓ મેં કરાવ્યા, આટલા ઓચ્છવો મેં કરાવ્યા, આટલા વરઘોડાઓ મેં કઢાવ્યા, આટલા મોટા સામૈયાઓ મારા થયા, આવી આવી કંકોત્રીઓ મારા નામની નીકળી, આટલું દ્રવ્ય મેં ખર્ચાવ્યું, આટલી મૂર્તિઓ મેં મારા નામની ભરાવી, આટલી અંજનશલાકાઓ મારા હાથે થઈ, આવી તો સેંકડો વાતોનો ઉલ્લેખ થઈ શકે. આ બધું વેપારી બુદ્ધિનું જ પરિણામ છે, એ સ્પષ્ટ છે. દરેક મંદિરમાં ખૂબ ભપકો, ચાંદી સોનાનો ઝગમગાટ, ધામધૂમ, ઠોઠાઠોઠ એ શું બતાવે છે? મંદિરોમાં પ્રભુની મૂર્તિ કરતા અન્ય દેખાવોના જ ગુણગાન ગવાય. અને અમુક મહારાજે આ બધું કરાવ્યું એવો નામોલ્લેખ કરાય, એમાં કઈ ભાવના તરવરે છે? રૂપિઆ, આના, પાઈ મારફતે નામના, કીર્તિ, વડાઈ ગવાય એવા ક્ષુદ્ર ભાવના કરતાં એમાં બીજું શું છે?

न धर्मो धार्मिकैर्विना । એ તત્વ તો છાપરે જ ચઢાવી દેવામાં આવેલું જણાય છે. મકાનનો જે ભાગ પડું પડું થઇ રહ્યો છે તેને સમારવાનું છોડી જેને વધારવાની જરાએ જરૂર નથી તે ભાગને સોનાચાંદીના લેપ કરવામાં આવે એ કેવી વિચિત્રતા? કહેવું પડશે કે એ બધી વેપારી બુદ્ધિની કઢંગી સંકલના છે! વેપારી બુદ્ધિની વેપાર ચલાવવામાં જરૂર અવશ્ય હોય, પણ તે ધર્મ જેવા પવિત્ર કામમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે વાપરવામાં આવે છે ત્યારે તેનું કદરૂપું સ્વરૂપ ઉઘાડું પડી જાય છે. દરેક ક્ષેત્રમાં એક જ પદ્ધતિ વાપરવાનું એ દેખીતું પરિણામ છે.

ધર્મ તો ક્ષાત્રબુદ્ધિ માગી લે છે. એમાં આત્મ-બલિદાન, સ્વાર્થનિરપેક્ષતા એ જ મુખ્ય હોય. ઘડીમાં આમ ને ઘડીમાં તેમ એમ ન ચાલે. લોભવૃત્તિ, ઈર્ષ્યા, દ્વેષ, પરમદ્વેષને અવકાશ ન હોય. મુનિઓ તો અધ્યાત્મલક્ષી કાર્યો કર્યે જાય. જૈનધર્મમાં રુચિ વધે અને 'સ.વ જીવ કરું શાસનરસી' એવી ભાવનાનો પ્રચાર કર્યે જાય અને જે કોઈ અન્ય કરે તેને ઉત્તેજન આપે. જૈનસમાજનો એક પણ બાળક ભૂખ્યો ન રહે અને હીનદીનદશા ન અનુભવે, એની તકેદારી રાખે. સાત ક્ષેત્રોમાંથી જે ક્ષેત્ર સીઝાતું હોય તેને પહેલું રક્ષણ આપે. બધી પરિસ્થિતિનું નિરીક્ષણ કરી જૈનસમાજની ઉન્નતિ સાધે.

જીર્ણશીર્ણ થતાં મંદિરોનો ઉદ્ધાર નહીં કરતા નવા નવા મંદિરો અને તીર્થધામો નિર્માણ કરી તેમાં દ્રવ્ય ભેગું કરવાની જાણે શરત લાગેલી જણાય છે. વેપારી બુદ્ધિનો એ સ્પષ્ટ પુરાવો જ જોઈ શકાય છે.

મધ્યમવર્ગને આર્થિક ભીંસમાંથી ઉગારવાનું કાર્ય કોણ કરે ? સાધુવર્ગ મંદિરોની પેઢીઓને સમૃદ્ધ કરાવવામાં જેટલી જહેમત ઉઠાવે છે, તેમ શ્રાવકવર્ગના ઉત્થાન માટે થોડો પણ પ્રયત્ન કરે તો સુંદર કામ થઈ શકે એમાં શંકા નથી. આધુનિક પદ્ધતિથી જૈનશાસ્ત્રોનું સંશોધન કરવામાં આવે અને પ્રકાશન કરવામાં આવે, તેમજ જે પંડિતો એ કાર્ય રુચિ-પૂર્વક અને સારી રીતે કરે છે તેમને ઉત્તેજન મળે તો આખા જગતમાં જૈનધર્મનું ગૌરવ વધે. પણ એ વસ્તુ તરફ અમારા સંત મહાત્માઓનું લક્ષ દોરાતું જ નથી. જે પરદેશી પંડિતો જૈનધર્મનું મૌલિક સાહિત્ય જોવા માગે છે તે તેમને આપણે પૂરું પાડી શકતાં નથી તેમાં સંકુચિત વેપારી બુદ્ધિ જ કામ કરે છે એ સ્પષ્ટ રીતે જોવામાં આવે છે. આપણા જ મુઠીભર સમાજમાં વાહ–વાહ પોકરાવી આપણે ખૂબ કર્યું એવું ગૌરવ ધારણ કરીએ એ સાંપ્રત જમાના વિરુદ્ધનું વર્તન છે, એ સૌ કોઈએ સમજી રાખવું જોઈએ.

આપણે હજુ ધર્મકાર્યમાં પણ વેપારી વૃત્તિ દાખવતા રહીએ અને તેમાં જ આનંદ માનતા રહીએ તેમાં આપણે ભીંત-ભૂલીએ છીએ એ નક્કી સમજી રાખવું જોઈએ. પણ તુચ્છ અને નિરર્થક ઘરના કજીઆમાંથી આપણે ઊંચા આવીએ ત્યારે એ બને ને ?

આપણામાંથી તુચ્છ સ્વાર્થદૂષિત વાણિજ્ય વૃત્તિ દૂર થઈ તેની જગ્યાએ તેજસ્વી, કાંઈક કરી છૂટવાની વીરવૃત્તિ જાગે અને જૈન ધર્મ અને જૈન સમાજની ધર્મપ્રેરિત સુબુદ્ધિની સુગંધ જગતમાં ફેલાય અને જગતના ભવ્ય જીવો જૈન ધર્મ તરફ આકૃષ્ટ થાય એવી સદિચ્છાપૂર્વક વિરમું છું.

બાર વ્રતની પૂજા અર્થ–સહિત
[ તેમજ સ્નાત્રપૂજા ]
જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા–અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઈ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી–મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના.
લખો:–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નમસ્કાર મહામંત્ર–મૌક્તિકમાલા

( ૫ )

લેખક : પૂ. પંન્યાસજી શ્રી સુશીલવિજયજી ગણિવર્ય

**નવકાર**–એ મંત્ર જગતમાં નિરુત્સાહ ને અતિ હતાશ થયેલા આત્માઓને પણ '**અત્યંત આશ્વાસનરૂપ**' છે. ૧૬૪

નવકાર–એ મંત્ર આત્માને આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનો '**અદ્વિતીય માર્ગદર્શક**' છે. ૧૬૫

નવકાર–એ મંત્ર આત્માને સ્વબાહ્ય ને અભ્યંતર સમસ્ત મૂડી મૂકવાની '**સેફ ડીપોઝીટ સુરક્ષિત થાપણ**' છે. ૧૬૬

**નવકાર**–એ મંત્ર આત્માને બાહ્ય ને અભ્યંતર આત્મિક ધનનું વ્યાજ મેળવવાની '**અજોડ બ્રિધ-બેંક**' છે. ૧૬૭

**નવકાર**–એ મંત્ર ધર્માત્માઓને અભૂતપૂર્વ '**પ્રાણપ્રિય**' છે. ૧૬૮

**નવકાર**–એ મંત્ર ચિંતામણી, કલ્પતરુ, કામઘટ અને કામધેનુ કરતાં પણ '**અધિક વાંછિત ફળદાયી**' છે. ૧૬૯

**નવકાર**–એ મંત્ર મોક્ષનાં સુખો, અણિમાદિ સિદ્ધિઓ, દૈવિક અને ચક્રવર્તી આદિની ઋદ્ધિઓ તથા કોઈ પણ વાંછિત વસ્તુઓ આપવાને માટે વિશ્વમાં બીનહરિફ '**સમર્થ શક્તિવંત**' છે. ૧૭૦

**નવકાર**–એ મંત્ર વિધિપૂર્વક નવ લાખ નવકાર મંત્રને ગણનાર આત્માની નરકાદિ ગતિનો '**સર્વથા નિવારક** છે. ૧૭૧

**નવકાર**–એ મંત્ર આત્માની આધિ, વ્યાધિ ને ઉપાધિ આદિનો '**સદંતર વિનાશક**' છે. ૧૭૨

**નવકાર**–એ મંત્ર ભવમાં ભટકતા આત્માના ભવભ્રમણનો અને જન્મ–મરણનો સર્વથા વિનાશ કરનાર '**અણુ બૉમ્બ**' છે. ૧૭૩

**નવકાર** એ મંત્ર સકલ આગમના રહસ્યરૂપી પત્રોને આપનારી '**અનુપમ પોસ્ટ–ઑફિસ**' છે. ૧૭૪

**નવકાર**–એ મંત્ર આરાધક આત્માને મોક્ષ સ્ટેશને પહોંચાડનારી શીઘ્ર વેગવંતી '**અદ્વિતીય રેલ્વે**' છે. ૧૭૫

**નવકાર**–એ મંત્ર અડસઠ અક્ષરાત્મક દેવોને '**દિવ્ય દેવમંદિર**' છે. ૧૭૬

**નવકાર**–એ મંત્ર દુનિયાના નિખિલ દુઃખો અને તેના કારણરૂપ સકલ પાપો પ્રમુખનું સર્વથા વિઘાતક '**અલૌકિક ચક્ર**' છે. ૧૭૭

**નવકાર**–એ મંત્ર આત્મભૂમિ પર જ્ઞાનરૂપી રૂપેરી અજવાળાં પાથરતો સોળે કળાએ ખીલતો શરદ્ ઋતુનો '**પૂર્ણચંદ્ર**' છે. ૧૭૮

**નવકાર**–એ મંત્ર દ્વાદશાંગીરૂપી નદીમાંથી આત્મરૂપી ક્યારામાં આવતો '**નિર્મળ જળનો ઝરો**' છે. ૧૭૯

**નવકાર**–એ મંત્ર સૃષ્ટિની સકલ મનોહિત વસ્તુઓનો '**અદ્વિતીય પ્રાપક**' છે. ૧૮૦

**નવકાર**–એ મંત્ર વિશ્વનું '**મહાવિજ્ઞાન**' છે. ૧૮૧

નવકાર–એ મંત્ર કર્મરૂપી ઇન્ધનને બાળનાર '**જાજ્વલ્યમાન અગ્નિ**' છે. ૧૮૨

**નવકાર**–એ મંત્ર પાપરૂપી મેલને સદંતર દૂર કરનાર નિર્મળ જળસિંચિત '**સુંદર સાબુ**' છે. ૧૮૩

**નવકાર**–એ મંત્ર ક્ષણેક્ષણે થતા અનેક સંકલ્પ-વિકલ્પથી મનનું સંરક્ષણ કરનાર '**અભ્યાસ ને વૈરાગ્ય**' છે. ૧૮૪

**નવકાર**–એ મંત્ર જગતમાં આરાધક આત્માઓની '**અતિ અદ્‌ભુત આરાધના**' છે. ૧૮૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવકાર-એ મંત્ર અંતર આત્માના અખૂટ જ્ઞાનાદિ ખજાનાને શોધવા માટે **'અતિ તીક્ષ્ણ ડ્રીલીંગ મશીન'** છે. ૧૮૬

નવકાર-એ મંત્ર દ્રવ્યરોગ, ભાવરોગ અને ભવરોગ એ ત્રણે ય રોગને નિર્મૂળ કરનાર **'સર્વોત્કૃષ્ટ ઔષધ'** છે. ૧૮૭

નવકાર-એ મંત્ર દ્રવ્યરોગ, ભાવરોગ અને ભવરોગનું નિદાન કરી, અહિંસા, સંયમ ને તપરૂપી પરમ ઔષધી આપનાર અને સર્વથા રોગ મટાડનાર **'સાચો ધન્વંતરી વૈદ્ય'** છે. ૧૮૮

નવકાર-એ મંત્ર વિશ્વમાં **'સર્વોત્તમ સિદ્ધ-રસ'** છે. ૧૮૯

નવકાર-એ મંત્ર સંસારના સમસ્ત ગાઢ અંધકારને સર્વથા દૂર કરનાર **'અનુપમ દિવ્ય પ્રકાશ'** છે. ૧૯૦

નવકાર-એ મંત્ર ધર્મશાસ્ત્રોનું તત્વરૂપ **'અકાટ્ય પ્રતીક'** છે. ૧૯૧

નવકાર-એ મંત્ર દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ વગેરે સર્વ અનુયોગોનો **'અમૃત કુંડ'** છે. ૧૯૨

નવકાર-એ મંત્ર જૈનદર્શનનો **'પ્રધાન મુદ્રાલેખ'** છે. ૧૯૩

નવકાર-એ મંત્ર અખંડ શબ્દમય અને અનંત અર્થમય **'અલૌકિક શિલ્પ'** છે ૧૯૪

નવકાર-એ મંત્ર સાધકને મોક્ષ સાધનાની **'શ્રેષ્ઠ ચાવી'** છે. ૧૯૫

નવકાર-એ મંત્ર શ્રી પંચપરમેષ્ઠી ભગવંતનું ભાવવાહી કલાત્મક **'સર્વોત્કૃષ્ટ ચિત્ર'** છે. ૧૯૬

નવકાર-એ મંત્ર ત્રણેય લોકમાં વર્તતી **'સર્વશ્રેષ્ઠ કલા'** છે. ૧૯૭

નવકાર-એ મંત્ર મુક્તિ મહેલ પર ચઢવાની **'સુંદર સીડી'** છે. ૧૯૮

નવકાર-એ મંત્ર સકલ બીજમંત્રોનો **'અલૌકિક મહાકોશ'** છે. ૧૯૯

નવકાર-એ મંત્ર વિશ્વમાં વર્તી રહેલ દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ એ ત્રણે તત્ત્વોની **'પરિપૂર્ણતાસ્વરૂપ'** છે. ૨૦૦

નવકાર-એ મંત્ર લબ્ધિઓ, સિદ્ધિઓ, શક્તિઓ, ગુણો, મંગલો, કલ્યાણો, સત્ત્વો, બીજો, ભાવો અને ભાવનાઓ વગેરેથી **'ભરપૂર-પરિપૂર્ણ'** છે. ૨૦૧

નવકાર-એ મંત્ર સમ્યક્ત્વનો **'અદ્વિતીય દ્યોતક'** છે. ૨૦૨

નવકાર-એ મંત્ર અનંત અર્થરૂપી પાણીનો ધોધમાર વરસાદ વરસાવનાર **'મહામેઘ'** છે. ૨૦૩

નવકાર-એ મંત્ર જગતમાં અધર્માદિકથી સર્વદા **'નિર્લિપ્ત'** છે. ૨૦૪

નવકાર-એ મંત્ર મેરુની જેમ **'નિષ્કંપ-અચલિત'** છે. ૨૦૫

નવકાર-એ મંત્ર સમુદ્રની જેમ **'મહાગંભીર'** છે. ૨૦૬

નવકાર-એ મંત્ર આરાધકના દુર્ભેદ્ય આપત્તિ-વિપત્તિરૂપી પહાડો-ડુંગરાઓને ભેદી નાખનાર **'અભેદ્ય વજ્ર'** છે. ૨૦૭

નવકાર-એ મંત્ર વિશ્વમાં દુઃખક્ષય, કર્મક્ષય, અને ભવક્ષયાદિકનો **'સર્વોત્તમ હેતુ'** છે. ૨૦૮

નવકાર-એ મંત્ર આત્મસૌંદર્યને શોભાવતો **'દિવ્ય શૃંગાર'** છે. ૨૦૯

નવકાર-એ મંત્ર આત્માના અસંખ્યાત પ્રદેશોને અને દેહની સાડા ત્રણ ક્રોડ રુંવાટીઓને સતેજ કરનાર-જાગૃત રાખનાર **'અનોખું ઈજકશન'** છે. ૨૧૦

નવકાર-એ મંત્ર દેવો ને દાનવો, સુરો ને અસુરો, માનવો અને તિર્યંચો આદિ ત્રણેય લોકના પ્રાણીઓને પોતાની તરફ આકર્ષણ કરનાર અને તેઓનું સર્વ દુઃખ દૂર કરી સર્વને મનોવાંછિત સુખ આપનાર **'ધર્મસમ્રાટ્'** છે. ૨૧૧

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કોન્ફરંસનું એકવીસમું અધિવેશન

લુધીયાણા(પંજાબ)માં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસનું એકવીસમું અધિવેશન ૩૦મી એપ્રીલ તથા ૧-૨ મે, ૧૯૬૦, શનિ-રવિ-સોમ, વૈશાખ શુદ ૪-૫-૬ના દિવસોમાં ભરાઈ ગયું. પંજાબી ભાઈઓનો ઉત્સાહ અપૂર્વ હતો. કાર્યવાહી સફળતાપૂર્વક પાર પડી.

સ્વાગતાધ્યક્ષ શ્રી મેઘરાજજી જૈન તથા પ્રમુખ શ્રી નરેન્દ્રસિંહજી સિંઘીના પ્રવચનો માર્ગદર્શક અને મહત્વપૂર્ણ હતા. બંને પ્રમુખના પ્રવચનોનો સારભાગ સંક્ષિપ્તમાં અહીં રજૂ કરવામાં આવેલ છે.

## સ્વાગતાધ્યક્ષ શ્રી મેઘરાજજી જૈનનું પ્રવચન

કોન્ફરન્સનું આઠમું અધિવેશન મુલતાનમાં સને ૧૯૧૩ની સાલમાં ફેબ્રુઆરીની ૧૯-૨૦ તારીખોએ મળ્યું હતું. એ પછી આશરે ૪૭ વર્ષે પંજાબને આ અવસર ફરી પ્રાપ્ત થયો છે. આજનું આ અધિવેશન લુધિયાનામાં મળી રહ્યું છે.

લુધિયાના પંજાબનું મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર છે. જૈન સમાજનું પણ આ અગત્યનું અને કેન્દ્રસ્થ સ્થાન છે. એવું આ નગરને પ્રતિષ્ઠિત સ્થાન મળેલું છે. અહીંના સંઘમાં ધર્મની ધગશ છે, કાર્યશક્તિ છે, સાધન છે. દેશના ભાગલા પછી અહીં સેંકડો જૈન કુટુંબો આવીને વસ્યા છે. આવા નગરમાં આપ સૌ માનવંતા મહેમાનોનું સ્વાગત કરતાં અમને અપાર હર્ષ થઈ રહ્યો છે.

### અત્યારની સ્થિતિ

પ્રિય ભાઈઓ! હું એટલું સ્પષ્ટ જણાવવા ઈચ્છું છું કે કોન્ફરન્સની અત્યારે જે કરુણ દશા છે, તે પંજાબથી સહન થઈ શકતી નથી. કોન્ફરન્સની શરૂઆત જે ઉત્સાહ, પરિશ્રમ અને ભાવનાથી શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢાએ કરી હતી તે અભિનંદનીય અને પ્રશંસનીય હતી. તેઓ યુવાનોને હાકલ પાડી રહ્યા છે કે કોન્ફરન્સની આગેવાની મજબૂત હાથોમાં સોંપો.

### કાર્યકર્તા અને દાતાનો વિરોધભાવ

નવાઈની વાત તો એ છે કે ભાવના હોવા છતાં વિદ્વાનોમાં, કાર્યકર્તાઓમાં અને દાન આપનારાઓમાં આપસમાં સહકાર નથી. કાર્યકર્તાઓ અને વિદ્વાનો રચનાત્મક કામને માટે તૈયાર છે; પણ એમની પાસે ધન નથી; અને દાન આપનારાઓ અત્યારે પણ ધર્મકાર્યોમાં ઉદારતાપૂર્વક ધનનો ઉપયોગ કરે છે, પણ કાર્યકર્તાઓ સાથે સહાનુભૂતિ નથી. જો આપ સૌના પ્રયત્નથી આ વિરોધભાવ દૂર થઈ જાય તો હું અધિવેશનને સફળ થયેલું માનીશ. જૈન માત્રનું સંગઠન થઈ જાય તો દસ વર્ષમાં વસંતનું ફરી આગમન થઈ જાય.

### પૂ. આત્મારામજી તથા વિજયવલ્લભસૂરિજીના ઉપકાર

જ્યારે જૈન સમાજમાં અંધકાર છવાયો હતો, જૈન ધર્મને બૌદ્ધ ધર્મની શાખા લેખવામાં આવતો હતો; દુનિયામાં એવો ભ્રમ હતો કે જૈનો નાસ્તિક છે, એનું કોઈ સાહિત્ય નથી—એવી સ્થિતિમાં પૂર્વ પંજાબમાં જીરાની પાસે લહરા. ગામે ગુરુ આત્મારામજીનો જન્મ થયો હતો. એમણે જૈન ધર્મનું નામ ઉજ્જવળ કર્યું અને પોતાના ક્રાંતિકારી જીવનથી દેશ-વિદેશમાં સત્ય અને અહિંસાનો નાદ જગાવ્યો. ગુરુ આત્મારામની પછી ગુરુ વલ્લભે શિક્ષણ તથા સમાજસેવાના ક્ષેત્રમાં અજોડ કામ કર્યું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## એક યોજના

પંજાબની શ્રી આત્માનંદ જૈન મહાસભાએ ગુરુ વલ્લભની મીઠી અને અમર સ્મૃતિમાં દિલ્હી જેવા પાટનગરમાં એક સેન્ટ્રલ લાયબ્રેરીની સ્થાપના કરવાની યોજના કરી છે. જો કોન્ફરન્સ આ યોજનાને અપનાવી લે તો સાહિત્યિક ક્ષેત્રે ભારે મોટું કામ થશે. સ્મારકભવનની સાથે એક એવા કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે, કે જે પુસ્તકાલયની સ્થાપના, ગ્રંથભંડારોની રક્ષા, જૈન કળા–કારીગરીનો સંગ્રહ, જૈન સાહિત્યનું પ્રકાશન અને સંશોધનમયું અધ્યયન વગેરે કામો કરશે તથા ઉત્તેજન આપશે.

## સાચું સાધર્મિકવાત્સલ્ય

આપણો મુખ્ય સિદ્ધાંત સત્ય, અહિંસા, અપરિગ્રહ અને સ્યાદ્વાદનો છે. જો આપણે આપણા સિદ્ધાંતોને જીવનમાં ઉતારીએ તો આપણું કલ્યાણ થઈ જાય. પરન્તુ સાધર્મિક ભાઈઓ પ્રત્યેનો પ્રેમ પણ માત્ર દેખાવ પૂરતો છે. જો આપણા અંતરમાં સાચી ભક્તિ હોય તો મધ્યમવર્ગનો ઉત્કર્ષ કંઈ દૂર નથી. શક્તિ વગરના ભાઈને ભણતરની સગવડ આપવી, એને આજીવિકા કરવાને લાયક બનાવીને જીવનનિર્વાહને માટે કામધંધે લગાડી દેવો એ સાચું સાધર્મિક વાત્સલ્ય છે.

આ અધિવેશનમાં આપ આપણને મૂંઝવતા સવાલોના ઉપાયો શોધી કાઢવામાં સફળ થશો. આ યુગમાં વ્યવસ્થિત યોજના કરવી જરૂરી છે, આપણે પણ આવતા વર્ષને માટે સાધન અને શક્તિ અનુસાર પ્રયત્નશીલ થવું પડશે.

અત્યારે સેવાભાવી કાર્યકર્તાઓએ ધીરજપૂર્વક કાર્યક્ષેત્રમાં પદાર્પણ કરીને, નિડરતા તથા સચ્ચાઈ સાથે સામાજિક નબળાઈઓને ઓળખી કાઢીને મંદિરો તેમજ તીર્થોની યોગ્ય વ્યવસ્થા કરવાની અને સંસ્થાઓના આવક–ખર્ચને નિયમનમાં રાખવાની ઘણી જ જરૂરિયાત છે. મને પૂરી ખાતરી છે કે આપને આમાં સફળતા પ્રાપ્ત થશે.

## અધિવેશનના પ્રમુખ બાબુશ્રી નરેન્દ્રસિંહજી સિંઘીનું મુદ્દાસર અને માર્ગદર્શક પ્રવચન

### કોન્ફરન્સના કામોનું થોડુંક અવલોકન

કોન્ફરન્સની સ્થાપના થયે આજે ૫૮ વર્ષ જેટલો લાંબો સમય થયો છે. જ્યારે એમની સ્થાપના થઈ ત્યારે દેશની પરિસ્થિતિ જુદી જ હતી. પાશ્ચાત્ય શિક્ષણ તેમજ સંપર્કને લીધે, નવું શિક્ષણ પ્રાપ્ત કરનાર યુવાનોના અંતરમાં પોતાના સમાજની ઉન્નતિ કરવાની ભાવના. બીજા સમાજોની જેમ વેગપૂર્વક જાગવા લાગી હતી. કોન્ફરન્સ મારફત આ ભાવનાને સાકાર કરવાની પ્રવૃત્તિ શરુ થઈ. શરુશરુમાં જૈન સમાજના વિશિષ્ટ સવાલો કોન્ફરન્સે હાથ ધર્યા. શ્વેતાંબર જૈન સમાજના કેટલાક સવાલ તો એવા હતા અને આજે પણ છે કે જે બીજા સમાજોના સવાલો જેવા છે; પરંતુ કેટલાક સવાલ એવા પણ છે, કે જેનો વિચાર મુખ્યત્વે શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ કરી શકે અને કામ પણ એ જ કરી શકે. એ સારાં ફળોમાંથી કેટલાંકનો અહીં નિર્દેશ કરવો અસ્થાને નહીં ગણાય.

૧. જેસલમેર, પાટણ, ખંભાત વગેરે સ્થાનોના જૈનભંડાર કેવળ જૈન સમાજમાં જ જાણીતા ન હતા; એમની ખ્યાતિ તો પરદેશના મોટા મોટા વિદ્વાનો સુધી પહોંચી ચૂકી હતી. આ માટે કોન્ફરન્સે સૌથી પહેલાં, જુદા જુદા જૈન ભંડારોમાંના ગ્રંથોમાં સુરક્ષાની વ્યવસ્થા કરી અને એમની સૂચિ તૈયાર કરાવી. એ વખતે ભંડારોને ઉઘડાવવા, એ કામ મુશ્કેલ હતું, એમ છતાં એ સૂચિ તૈયાર થઈ, 'જૈન ગ્રંથાવલી' નામે છપાઈ છે. આ પછી જેસલમેરના ગ્રંથભંડારોના ઉદ્ધારની દિશામાં વિશેષ પ્રયત્ન કરવામાં આવ્યો. એ વખતે પણ એ પ્રયત્નને કોન્ફરન્સે યથાશક્તિ ઉત્તેજન આપ્યું, જેના ફળરૂપે મુનિશ્રી પુણ્યવિજયજીએ ત્યાંના બધાય ભંડારોની જે વ્યવસ્થિત સૂચિ તૈયાર કરી હતી, તે કોન્ફરન્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફથી છપાઈ રહી છે; ઉપરાંત કેટલાય મહત્ત્વના હસ્તલિખિત ગ્રંથોની ફોટો-સ્ટેટ-કોપી લેવામાં આવી, જેમાં બીજે નહીં મળતા એવા અનેક અપ્રાપ્ય ગ્રંથોનો સમાવેશ થાય છે. આ ગ્રંથો જુદી જુદી સંસ્થાઓ તરફથી પ્રગટ થઈ રહ્યા છે.

૨. વિશિષ્ટ તીર્થસ્થાનોમાં સમયે સમયે જે ક્લેશ અને ઝઘડા ચાલી રહ્યા હતા, એમાં યથાશક્ય યોગ્ય સલાહ આપવાનું કામ પણ કોન્ફરન્સે કર્યું છે. આ ઝઘડાઓની પતાવટ કરવામાં તથા એ તીર્થોની રક્ષામાં કોન્ફરન્સે દરેક રીતે સક્રિય મદદ આપી હતી.

૩. સાહિત્યની બાબતમાં કોન્ફરન્સનું કામ ખાસ ધ્યાન ખેંચે છે. એણે સ્વર્ગસ્થ શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈએ તૈયાર કરેલ 'જૈન ગૂર્જર કવિઓ'-ના ચાર ભાગ તથા 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પ્રગટ કર્યાં છે, તે બહુ જ ઉપયોગી છે. ભાવી સંશોધકોને માટે. આ ગ્રંથોનો ઉપયોગ કર્યા વગર, આગળનું કામ કરવું સહેલું નથી.

૪. કોન્ફરન્સ ધાર્મિક તેમજ બીજું શિક્ષણ લેનાર યોગ્ય વિદ્યાર્થીઓને મદદ કરતી આવી છે; પણ એનું એક કામ તો અહીં ખાસ ઉલ્લેખનીય છે; કલકત્તા અધિવેશનમાં ભેગો થએલ ફાળાનો ઉપયોગ બનારસના હિન્દુ વિશ્વ-વિદ્યાલયમાં, પ્રાચ્ય વિદ્યા વિભાગમાં, એક જૈન ચેમ્બર સ્થાપવામાં કરવામાં આવ્યો હતો. આ ચેમ્બર અત્યારે પણ પોતાનું કામ સારી રીતે કરી રહી છે.

## સંસ્થાને પ્રાણવાન બનાવવાના ઉપાયો

૧. જો સંસ્થાના કાર્યમાં આપણને કાંઈ શિથિલતા દેખાતી હોય, તો એ આપણા સૌની શિથિલતા છે, એમ આપણે કબૂલ કરવું જોઈએ. મને ખાતરી છે કે જો સંસ્થાના હોદ્દેદારો અને બીજા મુખ્ય કાર્યકર્તાઓ જાગૃત હોય તો સંસ્થાને જાગૃત અને એના કાર્યને પ્રગતિશીલ કરી શકાય એમ છે.

૨. અત્યારે આપણી અને આપણા જેવી બીજી સંસ્થાઓની સૌથી મોટી ખામી નિષ્ઠાવાન, દીર્ઘદૃષ્ટિસંપન્ન અને સમર્પણવૃત્તિવાળા કાર્યકર્તાઓની છે. આ ખામી ત્યારે જ દૂર થઈ શકે, જ્યારે આપણે જુદા જુદા પ્રદેશોમાં રહેતા મૂંગા કાર્યકર્તાઓને શોધી કાઢીએ, અને તેમને આદરપૂર્વક આપણી સાથે લઈએ.

૩. કોન્ફરન્સને વધારે ગતિશીલ બનાવવા માટે કેવી રીતે યોજનાપૂર્વક કામ કરવું જોઈએ, એને માટે આપણી સામે રાષ્ટ્રીય મહાસભાનો આદર્શ ખડો છે. એ જ પદ્ધતિએ જો આપણે દેશના જુદા જુદા પ્રદેશોમાં આપણી સંસ્થાની શાખા-પ્રશાખાઓ સ્થાપી ન શકીએ તો ન આપણે લોકસંપર્ક સાધી શકીશું, ન સંસ્થાને લોકપ્રિય બનાવી શકીશું અને ન સમાજની સેવા કરી શકીશું.

૪. સંસ્થાનું મુખ્ય કાર્યાલય સ્થાયીરૂપે મુંબઈમાં છે, તેથી આપણી સંસ્થા ત્યારે જ પ્રાણવાન બની શકે, કે જ્યારે મુંબઈના સમાજનો તેને પૂરેપૂરો સહકાર મળે. ભૂતકાળની અપેક્ષાએ આમાં અત્યારે કંઈક ઘટાડો થયો છે; તેથી આ બાબત તરફ સમાજનું ધ્યાન દોરવું અમને ઉચિત લાગે છે. જો મુંબઈના કાર્યકર્તાઓ ઉદાસીન કે તટસ્થ રહ્યા, તો સંસ્થાને સશક્ત બનાવવાનો પ્રયત્ન સફળ ન થઈ શકે.

૫. આવી સંસ્થાઓના સુચારુ સંચાલનમાં જો સૌથી વધારે હિસ્સો કોઈનો હોઈ શકે તો તે મુખ્ય મંત્રીઓનો હોઈ શકે. એમની કાર્યકુશળતાથી જ કાર્યાલય તેમ જ બીજા કાર્યકર્તાઓ પ્રોત્સાહિત થઈ શકે છે.

૬. ગયા અધિવેશન પછી શેઠ શ્રી મેઘજીભાઈ પેથરાજે એવું સૂચન કર્યું હતું કે સંસ્થાના કાર્યાલયના સંચાલનમાં જે કાયમી ખર્ચ કરવું અનિવાર્ય હોય, એટલી આવક દર વર્ષે સ્થાયી રૂપે થઈ શકે, એવી વ્યવસ્થા કરવી જરૂરી છે.

## અત્યારની પરિસ્થિતિમાં આપણું કર્તવ્ય

હવે, અત્યારની પરિસ્થિતિમાં આપણે શું શું કામ કરવાં જોઈએ, અને કેવી રીતે. એનો વિચાર કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી જેવી ભાષાઓમાં જૈન પરંપરાને લગતું જુદા જુદા વિષયોનું ઉચ્ચ કોટિનું સાહિત્ય તૈયાર કરાવવું અને એને પ્રગટ કરવું.

દિવસે દિવસે વધી રહેલ મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોમાં જેવી રીતે બીજી પરંપરાની ચેરોની ગોઠવણ થાય છે, તે જ રીતે જૈન પરંપરાની ચેરની પણ યોજના કરવી–કરાવવી.

કૉન્ફરન્સનું મુખપત્ર "જૈનયુગ" ઉચ્ચ ભૂમિકાએ પ્રગટ થતું રહે, એવી વ્યવસ્થા કરવાની જરૂર છે.

જો કે એ સાચું છે કે, રાજદ્વારી ક્ષેત્ર એ આપણી સંસ્થાનું સીધેસીધું કાર્યક્ષેત્ર નથી; તેમ છતાં ઘણા પ્રાચીન સમયથી જૈનોએ રાજદ્વારી ક્ષેત્રમાં ભાગ લીધો છે, અને એમાં વિશિષ્ટ ફાળો પણ આપ્યો છે. દાખલા તરીકે, આચાર્ય હેમચંદ્રે રાજર્ષિ કુમારપાલ મારફત રાજનીતિમાં અહિંસાને એક વિશિષ્ટ સ્થાન અપાવ્યું હતું અને રાજા દ્વારા થતા પ્રજાના શોષણને પણ બંધ કરાવ્યું હતું. મેવાડ રાજ્યના પુનરુદ્ધારમાં જૈનોએ જે મદદ કરી હતી તે ઇતિહાસ–પ્રસિદ્ધ છે. તેથી અત્યારે પણ આપણે રાજનીતિમાં અને રાજ્યશાસનની બાબતોમાં ભાગ લેવો જોઇએ.

## મધ્યમવર્ગની આર્થિક મુશ્કેલી દૂર કરવાના ઉપાય

### ૧ શિક્ષણની વ્યવસ્થા :

મધ્યમવર્ગના આશાસ્પદ વિદ્યાર્થીઓના શિક્ષણની વ્યવસ્થા કરીને એમના નિર્વાહનો માર્ગ સરળ કરવો. આ માટે યોગ્ય વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિ આપવામાં આવે અને જુદાં જુદાં સ્થળોએ છાત્રાલયોની વ્યવસ્થા કરવામાં આવે. આ છાત્રાલયોનું સંચાલન નિવૃત્ત થયેલા અનુભવી શિક્ષકોને સોંપવામાં આવે. આથી એ લાભ થશે કે વિદ્યાર્થીઓની મુસીબતોનું નિવારણ થવાથી એમને આગળ વધવામાં સહાયતા મળશે. આ અનુભવી શિક્ષકો વિદ્યાર્થીઓના સંરક્ષક અને માર્ગદર્શક બનશે. છાત્રાલયોમાં સાંસ્કારિક વાતાવરણ જામે એ માટે એમાં સારો જૈન પુસ્તકસંગ્રહ, તંદુરસ્તી વધારે એવી રમવા–કૂદવાના તથા ચોખ્ખા ભોજનની વ્યવસ્થા થવી જરૂરી છે. આ છાત્રાલયોનો વિકાસ સાંસ્કૃતિક કેન્દ્રોરૂપે કરવો જોઇએ, જેથી વિદ્યાર્થીઓમાં જૈન સંસ્કૃતિના ઉચ્ચ આદર્શોને બુદ્ધિપૂર્વક ગ્રહણ કરવાની તેમજ એનું મૂલ્યાંકન કરવાની વૃત્તિ જન્મે.

### ૨ ઉદ્યોગ અને બચત :

મધ્યમવર્ગની આર્થિક મુશ્કેલીનું નિવારણ કરવાનો બીજો માર્ગ છે–ઉદ્યોગ અને બચત. આનો વિચાર આપણે નીચે પ્રમાણે કરી શકીએ:—

(ક) **ઉદ્યોગ–સહકાર સમિતિ:**–ગૃહઉદ્યોગો તથા નાના ઉદ્યોગોની સ્થાપના કરવામાં મધ્યમ વર્ગને મદદગાર થવું, એ આ સમિતિનું ધ્યેય રહે. આ માટે એ જરૂરી છે કે જુદાં જુદાં કેન્દ્રોમાં સમાજના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓની સલાહકાર સમિતિઓની રચના કરવામાં આવે. આ સમિતિઓ મધ્યમવર્ગની ઉત્સાહી વ્યક્તિઓને ઉદ્યોગોની સ્થાપના માટે યોગ્ય સલાહ આપશે, તથા જરૂરી મૂડી ક્યાંથી કેવી રીતે પ્રાપ્ત થઈ શકે એના ઉપાય બતાવશે અને પોતાની લાગવગનો ઉપયોગ મૂડી એકત્ર કરવામાં આવશે.

(ખ) **ઉદ્યોગ–ગૃહ:**–કૉન્ફરન્સ તરફથી મુંબઈમાં મહિલાઓને માટે જે ઉદ્યોગગૃહ ચાલી રહ્યું છે, એને વધારે વ્યાપક બનાવવામાં આવે અને એવાં જ ઉદ્યોગગૃહો જુદાં જુદાં કેન્દ્રમાં સ્થાપિત કરવામાં આવે. મધ્યમવર્ગની આર્થિક મુશ્કેલી ઓછી કરવાનો આ પણ એક ઉપાય છે. મોટાં શહેરોમાંના ઉદ્યોગગૃહોનો સંબંધ આસપાસના ગામોની બહેનો સાથે પણ જોઈએ. ગામડાંઓમાં ગૃહઉદ્યોગ મારફત તૈયાર થયેલી વસ્તુઓના વેચાણની ગોઠવણ શહેરોમાંના ઉદ્યોગગૃહો મારફત થવી જોઇએ, જેથી ગ્રામઉદ્યોગોને વેચાણની ચિંતાથી મુક્ત રાખીને એમને વિકાસ સાધવાનો યોગ્ય અવસર આપી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ગ) ખર્ચ:–ધાર્મિક અને સામાજિક અનુષ્ઠાનોમાં વધારે ખર્ચ કરવાની સમાજમાં જાણે હરીફાઈ ચાલી રહી છે. આથી મધ્યમવર્ગના આર્થિક જીવનનો ભાર વધી જાય છે. આ માટે આવાં અનુષ્ઠાનો સાદાઈથી તથા ઓછા ખર્ચથી કરવામાં આવે એ જરૂરી છે; આથી પણ મધ્યમવર્ગ ઉપરનો નિરર્થક આર્થિક ભાર ઓછો થશે.

## એકતા અને સંગઠન

જૈન સમાજના સંપ્રદાયો આપસમાં એક થઈને સમસ્ત સમાજને સ્પર્શતા જુદા જુદા પ્રશ્નોનું નિરાકરણ કરે એ જરૂરી છે. આપણે પોતપોતાનાં આચારો અને માન્યતાઓ ઉપર દૃઢ રહેવા છતાં એટલું તો જરૂર કરી શકીએ છીએ કે બીજા સંપ્રદાયનાં આચાર અને માન્યતાઓ તરફ વિદ્વેષ કે હલકાપણાની લાગણી ન સેવવી; કોઈપણ સંપ્રદાયના સદાચારી સાધુને પોતાના સંપ્રદાયના એવા સાધુઓ જેટલા જ આદરપાત્ર ગણીએ; અને જૈન સમાજના હિતના ગમે તે કામમાં પૂરો સહકાર આપવા માટે હંમેશા તૈયાર રહીએ. આ માટે સંપ્રદાયોની જુદી જુદી સંસ્થાઓ, સમગ્ર જૈન સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોના નિકાલને માટે, ભેગી મળીને આગળ વધે એ જરૂરી છે. નજીકના ભવિષ્યમાં જ થનારી વસ્તીગણતરીમાં જૈન ધર્મના બધા અનુયાયીઓ પોતાને જૈન તરીકે જાહેર કરે. આ બાબતનો પ્રચાર બધી સંસ્થાઓ મળીને વ્યાપકરૂપે કરે, દેશની અહિંસક પ્રગતિ સારી રીતે થાય, એ માટે પણ આ સંસ્થાઓ મળીને કામ કરે. જૈન સાહિત્યની રચનાનું કામ આ સંસ્થાઓ મળીને કરે તો, સમાજનો નકામો ખર્ચ ન થતાં, એનો વધારે સદુપયોગ થઈ શકે છે. જુદાં જુદાં વિશ્વવિદ્યાલયોમાં જૈન જ્ઞાનપીઠની સ્થાપના બધાના સહકારથી થાય, એ જરૂરી છે.

## રાષ્ટ્ર ઘડતરમાં સહકાર

જૈન સંસ્કૃતિનો ઇતિહાસ તપાસીએ તો એમાં શરૂઆતથી જ અહિંસા અને વિશ્વમૈત્રીને આશ્રય મળેલો છે, નાના સરખા જૈન સમાજે ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં અહિંસાને આધારે જીવન–ઘડતર કરવાની પ્રક્રિયા શરૂ કરી હતી. એને લીધે ધાર્મિક ક્ષેત્રમાં અહિંસાની ભાવના પ્રબળ થઈ હતી, અને એનો પ્રભાવ ભારતના બીજા ધાર્મિક સમાજો ઉપર પણ પડ્યો હતો. પણ અત્યારે તો વિશાળ પાયા ઉપર કેવળ અહિંસક સમાજની જ નહીં, વિશ્વરચનાની યોજનાઓ તૈયાર થઈ રહી છે. જૈન સંસ્કૃતિને માટે આ એક અનુપમ અવસર ઊભો થયો છે. દેશ અને દુનિયાની સામે અત્યારે હિંસાનો નહીં, પણ અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહનો પ્રશ્ન છે. આ પ્રશ્ન આપણી સંસ્કૃતિનો મૂળ પાયો છે. આવી સ્થિતિમાં આપણું કર્તવ્ય બની જાય છે કે આપણાં આચરણ અને વ્યવહાર કલ્યાણ–રાજ્યની સ્થાપનામાં અને વિશ્વશાંતિના પ્રચારમાં સાધક બને. માનવમાત્ર એક છે, એવી ભાવનાની આપણામાં વૃદ્ધિ થવી જોઈએ અને આપણો વ્યવહાર એને અનુરૂપ હોવો જોઈએ.

જૈન સમાજ વ્યાપારકુશળ સમાજ છે. પણ કેવળ વ્યાપારમાં જ નહીં કિંતુ રાષ્ટ્ર–ઘડતરના કાર્યમાં પણ આપણે પૂર્ણ સહકાર આપવો જોઈએ. ભારતનાં અહિંસક સ્વાતંત્ર્ય આંદોલન વખતે જૈન સમાજે જેટલો રસ લીધો હતો, એટલો રસ અત્યારે કલ્યાણ–રાજ્યની સ્થાપનામાં જૈન સમાજને નથી રહ્યો, એ સ્થિતિ ખેદ ઉપજાવે એવી છે. નાની સરખી છતાં શક્તિસંપન્ન જાતિ જો આ પ્રમાણે કરે તો એથી એનું પોતાનું જ અકલ્યાણ થશે, તેથી આપ સૌનું ધ્યાન આ બાબત તરફ ભારપૂર્વક દોરીને હું મારું વક્તવ્ય પૂરું કરું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पुस्तकोंनी पहोंच

**૧. લલિતવિસ્તરા**–(ચૈત્યવંદન સૂત્રવૃત્તિ)—વિવેચનકર્તા ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. P. B. S. ક્રાઉન ચ્યાર્ટપેજી સાઈઝ પૃષ્ઠ ૭૬૨, પાકું હૉલક્લોથ બાઈંડીંગ, સુંદર છાપકામ, છતાં મૂલ્ય માત્ર રૂપિયા નવ.

ડૉ. ભગવાનદાસભાઈ આપણા માસિકના સુપ્રસિદ્ધ લેખક છે. "પ્રકાશ"ના વાચકો તેઓશ્રીની ગંભીર અને અધ્યાત્મવાહિની લેખિનીથી સુપરિચિત છે. મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિજીએ "લલિતવિસ્તરા" નામક ચૈત્યવંદન સૂત્રવૃત્તિ રચી છે. આપણા સાહિત્યમાં "લલિતવિસ્તરા"નું શું મહત્વપૂર્ણ સ્થાન છે, તે ફક્ત નીચેના ઉલ્લેખ પરથી જાણી શકાશે.

"મૂળ ચૈત્યવંદનસૂત્રનો–નમુત્થણં(પ્રણિપાતદંડકસૂત્ર), અરિહંતચેઈયાણં, અન્નત્થ, લોગસ્સ, પુક્ખરવરદીવડ્ઢે, સિદ્ધાણં બુદ્ધાણં, વેયાવચ્ચગરાણં અને જયવીયરાય–એટલા નાના નાના આઠ સૂત્ર, જે માત્ર ત્રણ–ચાર પૃષ્ઠમાં જ સમાઈ જાય એવડા પરિમાણવાળું છે, તેના પર **લલિતવિસ્તરા** નામની વૃત્તિ રચી શ્રીમદ્ હરિભદ્રસૂરિજીએ કેટલું અપૂર્વ તત્વમંથન કર્યું છે તેનો સહજ ખ્યાલ સુજ્ઞ વિદ્વજ્જનોને આ મહાકાય ગ્રંથના વાંચનથી સ્વયં આવી શકશે. આ પ્રત્યેક "સૂત્ર" પણ કેટલા પરમાર્થગંભીર છે, તેના ઊંડાણનો પણ કિંચિત્ પરિચય પ્રાપ્ત થશે. લાઘવમૂર્તિ શ્રી હરિભદ્રસૂરિજી પણ આ ગ્રંથને માટે કહે છે કે–कात्स्न्येन व्याख्यां कः कर्तुमीश्वरः ? આવા ગ્રંથની સંપૂર્ણપણે વ્યાખ્યા કરવાને કોણ સમર્થ થાય ?

આવી લલિતવિસ્તરા ટીકાને સુગમ કરવા માટે તેમજ સામાન્ય વાચકો તથા બાલજીવો પણ સમજી શકે તે માટે ડૉ. ભગવાનદાસભાઈએ અતુલ પરિશ્રમ સેવ્યો અને આ ગ્રંથ ઉપર પોતાની માતુશ્રીના નામથી "ચિદ્હેમવિશોધની" નામની વિવેચનાત્મક ટીકા રચી, જેનો આ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રસંગે પ્રસંગે અન્ય સેંકડો અવતરણો આપી આ ગ્રંથની ઉપયોગિતામાં સવિશેષ વૃદ્ધિ કરી છે. આ ગ્રંથ સમજવામાં સરળ પડે તે માટે પંચાંગી યોજના કરી છે. (૧) મૂળ (૨) અવતરણ, (૩) અનુવાદ (૪) પંજિકાનો અનુવાદ અને (૫) વિસ્તૃત વિવેચન.

આ વિસ્તૃત ગ્રંથ માટે વિશેષ લખવા કરતાં આ ગ્રંથની શરૂઆતમાં ડૉ. ભગવાનદાસભાઈએ આલેખેલ "આમુખ" તથા ઉપોદ્ઘાત વાંચવાની ભલામણ કરવી વ્યાજબી લાગે છે. આ ગ્રંથ અમારી સભામાંથી પણ વેચાણ મળી શકશે.

**૨. અદ્ભુત અને ચમત્કારપૂર્ણ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ**—[સચિત્ર] લેખક–પૂજ્ય મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ. ક્રાઉન સોળપેજી પૃષ્ઠ ૧૨૮. પાકું બાઇંડીંગ. આકર્ષક છાપકામ. મૂલ્ય રૂપિયો સવા. પ્રકાશક–શ્રી તીર્થરક્ષક કમિટી.

આ ઐતિહાસિક પુસ્તકમાં જૈન શ્વેતાંબર તીર્થ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથને અંગેનો સુવિસ્તૃત માહિતિપૂર્ણ અહેવાલ આપવામાં આવેલ છે. પ્રાચીન ઇતિહાસ, તીર્થોત્પત્તિ અને સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ હોવાથી આ તીર્થને લગતી સર્વ કોઇ હકીકત મળી રહે છે. પ્રાચીન છંદો તેમજ પ્રાચીન–અર્વાચીન મંદિર તથા મૂર્તિ સંબંધી વિશ્વસનીય હેવાલોથી આ પુસ્તક સર્વાંગસંપૂર્ણ



For Private And Personal Use Only

બનેલ છે. દિગંબર-શ્વેતાંબર ઝગડાને અંગે પ્રીવીકાઉન્સીલે જે લાંબો ચૂકાદો આપેલ તે અક્ષરશઃ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથજીનો મનહર આકર્ષક ફોટો, જૂનું મંદિર, તથા અંતરિક્ષજી તીર્થ જવાનો માર્ગ સૂચવતો નકશો વગેરે કલરીંગ શાહીમાં છાપવાથી પુસ્તકની મનોહરતામાં અભિવૃદ્ધિ થઇ છે. આ પુસ્તક અમારી સભામાંથી વેચાણ મળી શકશે.

૩. **શ્રી वीतरागस्तव:** ( कीर्तिकलाव्याख्याविभूषि : )—સંપાદક-મુનિરાજશ્રી મુનિચંદ્રવિજયજી. ક્રાઉન સોળપેજી પૃષ્ઠ ૧૮૪.

કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજશ્રીએ "વીતરાગસ્તવ" રચેલ છે, તેને સુગમ રીતે સમજી શકાય અને નૂતન અભ્યાસીઓ તેનું અધ્યયન કરી શકે તે માટે પૂજ્યશ્રી કીર્તિચંદ્ર ગણિવર્યે તેના પર "કીર્તિકલા" નામની ટીકા રચી છે. પૂજ્યશ્રી વિદ્વાન હોઇ તેમજ સંસ્કૃત ભાષા પર સારો કાબૂ હોવાથી ટીકા સરલ ને અધ્યયન યોગ્ય બનાવી છે. પૂજ્યશ્રીનો આ પ્રયાસ આવકારદાયક છે.

૪. **द्वात्रिंशिकाद्वयी** कीर्तिकलाव्याख्याविभूषिता :—સંપાદક-મુનિરાજશ્રી સૂર્યોદયવિજયજી. ક્રાઉન સોળપેજી પૃષ્ઠ ૧૮૪.

કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજીરચિત આ અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા તથા અન્યયોગ-વ્યવચ્છેદદ્વાત્રિંશિકા-બંને સ્તુતિઓ પર પૂજ્યશ્રી કીર્તિચંદ્ર ગણિવર્યે "કીર્તિકલા" નામની ટીકા રચી તે બંને ગૂઢ સ્તુતિઓ સમજવામાં સરળ બને તે રીતે સુગમ ટીકા બનાવી છે, જે અભ્યાસીઓ માટે આવકારદાયક છે. શ્રી હીરાલાલ ર. કાપડિઆએ આ ગ્રંથની પ્રસ્તાવનામાં આ બંને સ્તુતિઓની ઉપયોગિતા, બંને સ્તુતિમાં આવતા વિવિધ વિષયો વગેરે સંબંધી માહિતીપૂર્ણ આલેખન કરેલ છે.

૫. **શ્રાવકકર્તવ્ય**—પ્રકાશક-સંઘવી અર્જુનલાલ નંદરામજી મનાવત-ઉદયપુર. ફૂલસ્કેપ સોળપેજી પૃષ્ઠ ૮૦. આ પુસ્તિકામાં શ્રાવકને કરવા યોગ્ય વિવિધ કર્તવ્યોનો નિર્દેશ કરવામાં આવેલ છે.

૬. **અમૃતબિંદુ** ( પ્યાલો ચોથો )—પ્રકાશક-સદ્વિચાર સમિતિ-અમદાવાદ. ૩૨ પાનાની આ ટેકરમાં વિવિધ સુભાષિતોનો સારો સંગ્રહ કરવામાં આવેલ છે.


## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગ્રંથ ઝીણું

## સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાની આરસ-પ્રતિમાનો અનાવરણ વિધિ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સ્થાપનકાળથી જીવનપર્યંત અણમૂલી અને ચિરસ્મરણીય સેવા અર્પનાર સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાની આરસ-પ્રતિમાનો અનાવરણ વિધિ, કેન્દ્ર સરકારના પ્રધાન શ્રી એસ. કે. પાટીલના વરદહસ્તે તા. ૨૭-૩-૬૦ ને રવિવારના રોજ સાંજે ચાર વાગે થયો હતો, જે સમયે જૈન સમાજના આગેવાનો, ઈતર ગૃહસ્થો અને શુભેચ્છકો તેમજ પ્રશંસકોની સારા પ્રમાણમાં ઉપસ્થિતિ હતી.

શરૂઆતમાં આવેલ શુભેચ્છાના સંદેશાઓના વાચન બાદ, શ્રી ભાનુશંકર યાજ્ઞિક તેમજ ન્યાયમૂર્તિ કાંતિલાલ ટી. દેસાઈએ શ્રી મોતીચંદભાઈની સેવાને અંજલિ અર્પેલી. બાદ શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે સ્વ. મોતીચંદભાઈને અંજલિ આપતાં જણાવ્યું હતું કે મુંબઈમાં ૪૫ વર્ષ પૂર્વે ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ પ્રકારે મદદરૂપ થઈ શકે તેવી કોઈ સંસ્થા ન હતી. શ્રી મોતીચંદ કાપડીઆ અને બીજા સહકાર્યકર્તાઓના સહકારથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઈ. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આદ્યસંસ્થાપકોમાંના તેઓ એક હોવા ઉપરાંત સંસ્થાના ઉગમથી ૩૪ વર્ષ સુધી માનદ્ મંત્રી અને ટ્રસ્ટી તરીકે અખંડ, એકધારી સેવા બજાવી છે. અને આજે સંસ્થા જે ઉત્કૃષ્ટ સ્થાને પહોંચી છે તે મુખ્યત્વે તેઓશ્રીના અથાગ પરિશ્રમનું પરિણામ છે.

જેવો ઉજ્વળ તેઓશ્રીનો કર્મયોગ હતો તેવો જ પ્રતિભાશાળી જ્ઞાનયોગ હતો.

પછી બ્યુગલના મધુર સંગીત વચ્ચે અનાવરણ વિધિ થયા બાદ શ્રી પાટીલે જણાવ્યું હતું કે—તેઓશ્રી સામાજિક કાર્યકર્તા, સાહિત્યના ઊંડા અભ્યાસી અને કાયદાના પ્રખર નિષ્ણાત હતા. રાજકારણમાં તેમને ખેંચી લાવવા માટે અમારી ખૂબ જ ઊંડી ભાવના હતી અને તેમાં અમો સફળ થયા.

પૂ. મહાત્માજીના આદેશ અનુસાર ૧૯૩૧ની સાલમાં એ. આઈ. સી. સી નું અધિવેશન શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં બોલાવવા માટે તેમને વિનંતિ કરી. રાજકારણનો આ કટોકટીનો સમય હોવા છતાં પણ રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈ વિનાસંકોચે નિર્ભયપણે ને તે જ ઘડીએ "આ વિદ્યાલય દેશનું જ છે" કહી અધિવેશન ભરવાની તેમણે ઉદાત્ત ભાવના દર્શાવી હતી. તેઓ જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી હતા. જ્યારે જ્યારે તેઓ બે ત્રણ હજાર પાનાંઓ લખીને લાવતા ત્યારે અમોને નવાઈ લાગતી કે આટઆટલી પ્રવૃત્તિઓમાં સંકળાએલા હોવા છતાં તેઓ આટલો સમય શી રીતે મેળવી શકે છે. તેમની ધાર્મિક દૃષ્ટિ અત્યંત વિશાળ હતી અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયની પ્રતિષ્ઠા વધારવા માટે તેમણે અવિરત શ્રમ લીધો હતો.

## શ્રી મહાવીર જન્મ કલ્યાણકનો વરઘોડો

ચરમ જિનપતિ શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણક પ્રસંગે ચૈત્ર શુદિ તેરસના રોજ અત્રે મોટા જિનાલયથી રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચડ્યો હતો, જે શહેરના વિધવિધ માર્ગે થઈને દાદાસાહેબ ઊતર્યો હતો. જ્યાં વિશાળ મંડપમાં પૂજ્ય મુનિવર્યોની ઉપસ્થિતિમાં ભગવંત મહાવીરના જીવન સંબંધી પ્રાસંગિક પ્રવચનો થયેલા. આ પ્રસંગે કોન્ફરન્સનો સંદેશો સંભળાવવા માટે આવેલ શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી તથા શ્રી પ્રાણજીવન હ. ગાંધીએ કોન્ફરન્સની આવશ્યકતા અને જૈન સમાજના કર્તવ્ય અંગે સુંદર પ્રવચનો કરેલા. સકલ સંઘને સાકરનાં પાણી પાવામાં આવેલ. બપોરના પૂજા ભણાવી રાત્રિના આખ્યાન રાખવામાં આવેલ.

For Private And Personal Use Only

Reg. No. B. 156

## [illegible]

### ૧. ડૉ. [illegible] ભાઈલાલ [illegible]

[illegible] ડૉ. [illegible] ચૈત્ર શુદ ૫ ગુરૂવારના રોજ [illegible] સ્વર્ગવાસી થયા છે. [illegible] ઉત્તમ પ્રકારનું હતું. [illegible] કાર્યવાહીમાં [illegible] સ્વભાવ, ધાર્મિક [illegible] સ્વર્ગવાસથી [illegible] ખોટ પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માને શાંતિ ઇચ્છી તેમના [illegible] પ્રત્યે દિલસોજી વ્યક્ત કરીએ છીએ.

### ૨. શેઠ નાથાલાલ ગુલાબચંદ

[illegible] શેઠ નાથાલાલ ગુલાબચંદ [illegible] ચૈત્ર શુદ ૯ ને [illegible] ૬૮ વર્ષની ઉંમરે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી થોડા સમયથી કેન્સરનો વ્યાધિ ભોગવતા. સ્વભાવે હસમુખા અને [illegible] હતા. સભાના વાર્ષિક સભાસદ કેટલાક વર્ષોથી હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માને શાંતિ ઇચ્છી તેમના કુટુંબીજનો પ્રત્યે સમવેદના વ્યક્ત કરીએ છીએ.


## ગ્રાહક તરીકે જલ્દી નામ નોંધાવો

ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર પર્વ-૭મું, જેને "જૈન રામાયણ" તરીકે ઓળખવામાં આવે છે તેની નકલ વર્ષોથી મળતી ન હતી. પૂજ્ય મુનિરાજો તથા જ્ઞાન બંધુઓની આ પુસ્તક માટે વારંવાર માંગણી રહ્યા કરે છે એટલે અમોએ તે પુસ્તકની મર્યાદિત નકલ છપાવવાનો વિચાર કર્યો છે.

આ પુસ્તકમાં રામ, લક્ષ્મણ તથા રાવણના રસિક ને ઉપદેશક ચરિત્રો ઉપરાંત એકવીસમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત તથા હરિષેણ અને જય ચક્રવર્તીના મનોમુગ્ધકર ચરિત્રો આપવામાં આવેલ છે.

આ પુસ્તકની સર્વ નકલોમાં અથવા તો અમુક મર્યાદિત નકલોમાં સહાયક ગૃહસ્થનો ફોટો તથા જીવનચરિત્ર મૂકવામાં આવશે, તો જ્ઞાનપ્રેમી ગૃહસ્થોને આ સંબંધી પત્રવ્યવહાર કરવા વિનંતિ છે.

પાકું બાઈંડીંગ અને ક્રાઉન સાઇઝના આ પુસ્તકનું મૂલ્ય રૂા. ચાર રાખવામાં આવેલ છે. અગાઉથી નામ નોંધાવનાર પાસેથી રૂા. સાડાત્રણ લેવામાં આવશે.

નકલો મર્યાદિત સંખ્યામાં જ કાઢવાની હોઈ ગ્રાહક થનારે જોઈતી નકલ દીઠ રૂપિયો એક ગ્રાહકશ્રેણિમાં નોંધાવવા માટે અગાઉથી મોકલી આપવો.

વિશેષ હકીકત માટે પત્રવ્યવહાર કરવો.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર


મુદ્રણસ્થાન: સાધના મુદ્રણાલય, દાણાપીઠ–ભાવનગર.